# ....વિના સહકાર નહિ ઉદ્ધાર....

## તા. ૩૧ માર્ચ ૨૦૨૩ના રોજ પુરા થતાં વર્ષનો ૫૦મો અહેવાલ

## ઓ.એન.જી.સી.(અમદાવાદ) કર્મચારી કો.ઓ. ક્રેડીટ સોસાયટી લિમિટેડ

સભાસદ : ૮૬૬+૪૭-૧૦૮-૧(A) = ૮૦૪ (B)

રજી. નંબર : એસ/૧૧૭૯૮

રજી. તારીખ : ૧૪-૩-૧૯૭૩

**રજી. ઓફિસ**

સી/૧૬, ઓ.એન.જી.સી. કોલોની,

વેસ્ટર્ન સેક્ટર, ચાંદખેડા,

અમદાવાદ - ૩૮૨૪૨૪.

| ફાયનાન્સીયલ હાઈલાઈટ | ૨૦૨૨-૨૦૨૩ |
|---|---|
| ભરપાઈ થયેલ શેર ભંડોળ | (★) ૫,૧૭,૭૬,૮૮૫.૦૦<br>૫,૦૬,૬૨,૦૩૦.૦૦ |
| રીઝર્વ (ફંડ) | ૪,૨૫,૮૫,૮૧૨.૮૮ |
| અન્ય ફંડ | ૪,૩૭૫.૦૦ |
| થાપણ | ૫૪,૭૪,૦૦૦.૦૦ |
| ઓનલાઈન પહેલાનું લોન ધિરાણ<br>ઓનલાઈન કરતાં મળેલ વધારાનું લોન ધિરાણ<br>ઓનલાઈન કરતાં મળેલ લોન ધિરાણ | ૧૧,૯૦,૨૩,૧૯૩.૦૦<br>(★★)૧૨,૪૯,૩૮૩.૦૦<br>૧૨,૦૨,૭૨,૫૭૬.૦૦ |
| ચોખ્ખો નફો | ૭,૯૨,૦૮૮.૦૦ |

-: આજની તારીખે વ્યવસ્થાપક કમિટિ :-

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | એક્સ ઓફીસીયો (પેટા નિયમોમાં સુધારા પ્રક્રિયા શરૂ) | ચેરમેન |
| ૨ | યોગેન્દ્રસિંહ રાણા | વાઈસ ચેરમેન |
| ૩ | હાર્દિક એચ. પટેલ | સેક્રેટરી |
| ૪ | બી.આઈ.પઠાણ | જોઈન્ટ સેક્રેટરી |
| ૫ | મહેન્દ્રસિંહ ચૌહાણ | ટ્રેઝરર |
| ૬ | અતુલ રાઠોડ | જોઈન્ટ ટ્રેઝરર |
| ૭ | કેતનકુમાર તડવી | વ્યવસ્થાપક કમિટિ સભ્ય |
| ૮ | મહાદેવભાઈ પટેલ | વ્યવસ્થાપક કમિટિ સભ્ય |
| ૯ | એ.પી. રાઠવા | વ્યવસ્થાપક કમિટિ સભ્ય |
| ૧૦ | અતુલ રાણા | વ્યવસ્થાપક કમિટિ સભ્ય |

-: બેંકર્સ :-

ધી અમદાવાદ ડી. કો.ઓ.બેંક લી. ચાલુ ખાતું, રામનગર, સાબરમતી, અમદાવાદ.

ધી અમદાવાદ ડી. કો.ઓ.બેંક લી. સ્પેશીયલ સેવિંગ્સ ખાતું, રામનગર, સાબરમતી, અમદાવાદ.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, આઈ.આર.એસ. બ્રાંચ, ચાંદખેડા, અમદાવાદ.

(A) તા. ૦૧-૦૪-૨૦૨૧ ના રોજ સોસાયટી ઓનલાઈન કરતાં સભાસદોમાં ત્રુટી મળતાં તે સભાસદને અને તેના શેરભંડોળને બાદ કરેલ છે. જે ગયા વાર્ષિક હિસાબમાં ત્રુટી રહી ગયેલ હતી તેને દુર કરેલ છે.

(B) સોસાયટી ઓનલાઈન કરતાં તા. ૩૧-૦૩-૨૦૨૩ના રોજ સભાસદોની સંખ્યા ૮૦૪ રહેલ છે. જેમાં મુદતવીતી બાકીદારોની સંખ્યા ૭૨ છે, જે માટે રીકવરીની પ્રક્રિયા ચાલુ છે.

★ સોસાયટીના દફતરે તા. ૩૧-૦૩-૨૦૨૩ના રોજ સોફ્ટવેર મુજબ રૂા. ૧૧,૧૪,૮૫૫.૦૦ શેરભંડોળનો વધારો આવેલ છે. જેનું મેળવણુંની તપાસ સી.એ. દ્વારા કરવામાં આવશે.

★★ સોસાયટી ઓનલાઈન કરતાં તા. ૩૧-૦૩-૨૦૨૩ના રોજ સોફ્ટવેર મુજબ રૂા. ૧૨,૪૯,૩૮૩.૦૦ નું વધારાનું લોન ધિરાણ મળેલ છે. જેનું મેળવણુંની તપાસ સી.એ. દ્વારા કરવામાં આવશે.

**ઓ.એન.જી.સી.(અમદાવાદ) કર્મચારી કો.ઓ. ક્રેડીટ સોસાયટી લિમિટેડ**

## -: વાર્ષિક સામાન્ય સભાની નોટીસ :-

આથી સોસાયટીના તમામ સભાસદોને જાણ કરવામાં આવે છે કે સોસાયટીની (૪૮મી કરેલ નથી.) ૫૦મી વાર્ષિક સામાન્ય સભા નીચેની વિગતે મળશે તો દરેક સભાસદોને હાજર રહેવા વિનંતી....

તારીખ : ૨૬-૦૯-૨૦૨૩
વાર : મંગળવાર
સમય : સવારે ૯.૦૦ કલાકે
સ્થળ : ઓ.એન.જી.સી. ઓફિસર્સ ક્લબ, ઈસ્ટર્ન સેક્ટર, અવની ભવન પાસે, ચાંદખેડા, અમદાવાદ.

## -: કાર્યકારી સૂચી :-

૧. સાધારણ સભાના અધ્યક્ષશ્રીની વરણી કરવા બાબત.
૨. અવસાન પામેલા સભાસદોને શોકાંજલી.
૩. ગત વર્ષે થયેલ સાધારણ સભાના ઠરાવો અને હિસાબોને બહાલી આપવા બાબત.
૪. વ્યવસ્થાપક કમિટિએ ભલામણ કર્યા મુજબ, નફાની વહેંચણી અને ૧% ડિવીડન્ડ મંજૂર કરવા બાબત.
૫. મરણોત્તર ફંડ અંગે ચર્ચા કરવા બાબત.
૬. પેટાનિયમમાં સુધારા કરવા બાબત (શામેલ સુધારા પત્રક મુજબ)
૭. સોસાયટી સભાસદોના હીતમાં તેમજ સોસાયટીમાં આવકનો સ્ત્રોત ઉભો કરવા માટે સભાસદોને ઉપયોગી તેવી વિવિધ પ્રકારની યોજના કરવા બાબત.
૮. અધ્યક્ષશ્રી તરફથી અથવા તેઓશ્રીની મંજૂરીથી જે કામ રજુ થાય તેને બહાલી આપવા બાબત.

સ્થળ : અમદાવાદ.
તારીખ : ૧૧-૦૯-૨૦૨૩

હાર્દિક એચ. પટેલ
સેક્રેટરી

---

નોંધ : (૧) જે સભાસદ ક્રેડીટ સોસાયટીમાં સભાસદ તરીકે ચાલુ હશે તે જ સભાસદ સાધારણ સભામાં હાજરી આપી શકશે.

(૨) સંજોગોવશાત્ કાર્ય સાધક સંખ્યા (કોરમ) નહિ થાય તો સામાન્ય સભાનું કામકાજ અડધા કલાક માટે મુલતવી રાખવામાં આવશે પણ ત્યારબાદ તે જ સ્થળે એજન્ડા અંગે સભાનું કામકાજ હાથ ધરાશે જેમાં કોરમ અંગેનો કોઈ બાધ રહેશે નહિં અને સદર કાર્યવાહી તમામ સભાસદોને બંધનકર્તા રહેશે.

(૩) સને ૨૦૨૨-૨૦૨૩નાં હિસાબો અંગે જો કોઈ માહિતી જોઈતી હોય તો સભાની તારીખ અગાઉ બે દિવસ પહેલા સોસાયટીની ઓફિસમાં લેખીતમાં જાણ કરવી.

AHMEDABAD) EMPLOYEES CO-OP. CREDIT SOCIETY Regd. No. 11790 Estd. Dt. 14-3-1973 Sabarmati AHMEDABAD

# ઓ.એન.જી.સી.(અમદાવાદ) કર્મચારી કો.ઓ. ક્રેડીટ સોસાયટી લિમિટેડ

## -: ડિરેક્ટરોની કલમે :-

૧. તા. ૨૯-૦૫-૨૦૨૧ ના રોજના તમામ ડિરેક્ટરોએ જીલ્લા રજીસ્ટ્રારને રાજીનામાં આપતાં બોડી બરખાસ્ત કરવામાં આવેલ.

૨. જીલ્લા રજીસ્ટ્રારશ્રી દ્વારા કસ્ટોડીયનની નિમણુંક તા. ૧૦-૦૮-૨૦૨૧ના રોજ હુકમ ક્રમાંક સકક/૦૧/૨૧-૨/૧૬/૭૭૬/૨૦૨૧ થી થયેલ અને સોસાયટીનો ચાર્જ સંભાળેલ હતો.

૩. મંડળીમાં કસ્ટોડીયન અને જીલ્લા રજીસ્ટ્રારશ્રી દ્વારા ચુંટણી અધિકારીશ્રીની નિમણુંક તા. ૦૬-૧૦-૨૦૨૧ના રોજ કરવામાં આવેલ હતી.

૪. ચુંટણી અધિકારીશ્રી દ્વારા ચુંટણી પ્રક્રિયા પૂર્ણ કરી ચુંટાયેલા નવા કમિટિ સભ્યોને જાહેર તા. ૩૦-૧૦-૨૦૨૧ના રોજ કરેલ અને કસ્ટોડીયનશ્રી દ્વારા ચુંટાયેલા કમિટિ સભ્યોને તા. ૩૦-૧૦-૨૦૨૧ના રોજ સોસાયટીના દફતરનો ચાર્જ સોંપેલ હતો.

૫. નવા ચુંટાયેલ કમિટિ સભ્યોએ સોસાયટી સંભાળતા જ ઓનલાઈન કરવાની કામગીરી શરૂ કરી દીધેલ. અને બે મહિનામાં જ ઓનલાઈન કરી દીધેલ.

૬. નવા ચુંટાયેલ કમિટિ સભ્યો દ્વારા મુદ્દતવિતિ બાકીદારોને રૂબરૂ અને ટેલીફોનિક વાતચીત દ્વારા સોસાયટીના બાકી રહેલ લેણાં ભરવા અનુરોધ કરેલ, જેથી તેઓના પૈસા પાછા સોસાયટીમાં ભરાવાના ચાલુ થઈ ગયેલ છે, અને આગળની કાયદાકીય પ્રક્રિયા પણ શરૂ કરેલ છે.

૭. રણધીરસિંહ બી જાદવ દ્વારા આપવામાં આવેલ કબુલાતનામું, દસ્તાવેજ અને અન્ય કાગળો સોસાયટીના દફતર માટે પોલીસ સ્ટેશન લેવા ગયેલ ત્યારે જાણ થઈ કે તે પોલીસ સ્ટેશનમાં આગળની કમિટિ દ્વારા જમા કરાવેલ નથી, તેમજ ભુતકાળમાં થયેલ કોર્ટ કેસોની વિગત એકત્રિત કરેલ છે.

૮. આથી પોલીસ હુકમથી તા. ૦૮-૦૪-૨૦૨૨ના રોજ શ્રી રણધીરસિંહ દ્વારા કબુલાતનામું અને અન્ય દસ્તાવેજો જુની કમિટિ દ્વારા તે ક્રેડિટ સોસાયટીના દફતરે જમા કરાવેલ છે. અમુક દસ્તાવેજો કબુલાતનામામાં લખેલ છે, તે ક્રેડીટ સોસાયટીમાં જમાં કરાવેલ નથી તેનો પત્ર વ્યવહાર પોલીસ સ્ટેશનમાં કરેલ છે.

૯. નવી કમિટિ દ્વારા સી.એ. ના વડે સોસાયટીના દફતરે આવેલ ઈન્કમટેક્ષની નોટીસોના તમામ જવાબો હાલની કમિટિ દ્વારા આપી રહેલ છે. અને તેમાંથી અમુક નોટીસની કાર્યવાહી પૂર્ણ થઈ ગયેલ છે.

૧૦. સોસાયટીના દફતરે ઉચાપતના નાણાં પાછા આવે તે માટે પોલીસ સ્ટેશન અને જીલ્લા રજીસ્ટ્રારશ્રીને ઘટતી કાર્યવાહી તાકીદે કરવામાં આવે તેવો અનુરોધ કરેલ છે.

૧૧. હાલની કમિટિ દ્વારા પોલીસ સ્ટેશનમાં જમા કરાવેલ કબુલાતનામું અને દસ્તાવેજોના મકાનો ઉપર તપાસ કરતાં જાણવા મળેલ કે કબુલાતનામામાં લખી આપેલ બંગલો ૪ વર્ષ પહેલા વેચાણ કરવામાં આવેલ છે. જેની લેખીતમાં તપાસ અર્થે સોસાયટી દ્વારા પત્ર પોલીસ સ્ટેશનમાં મોકલી દીધેલ છે.

૧૨. સોસાયટીના કમિટિ સભ્યો ઉચાપતની રકમ પાછી લાવવા બનતા પૂરતા પ્રયત્નો ચાલું છે, અને તમારા સૌના સાથ સહકારની અપેક્ષા રાખીએ છીએ.

૧૩. નવી કમિટિ આવતા અને તમારા સૌના વિશ્વાસ ના કારણે સોસાયટીમાં વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં ઘણાં બધાં રાજીનામા આપેલ સભાસદોએ પોતાના રાજીનામા પાછા ખેંચેલ છે, તેમજ નવા સભાસદો પણ જોડાયેલ છે, તે બદલ આપ સહું સભાસદો અને થાપણદારોનો અમે સૌ વ્યવસ્થાપક કમિટિ સભ્યો આભાર માનીએ છીએ.

આપના સહકાર બદલ આભાર....

## ઓ.એન.જી.સી. (અમદાવાદ) કર્મચારી કો.ઓ. ક્રેડીટ સોસાયટી લિમિટેડ

### તા. ૩૧મી માર્ચ ૨૦૨૩ના રોજ પૂરાં થતાં વર્ષનો ૫૦મો વાર્ષિક અહેવાલ

....સભાસદ મિત્રો આપ સૌનું હાર્દિક સ્વાગત....

આપણી ક્રેડીટ સોસાયટીના તારીખ ૩૧મી માર્ચ ૨૦૨૩નાં રોજ પૂરા થતાં વર્ષના હિસાબો તેમજ કામકાજનો વાર્ષિક અહેવાલ આપ સમક્ષ રજૂ કરતાં ગૌરવ અનુભવીએ છીએ.

પ્રિય સભાસદ મિત્રો આપ સર્વને જણાવતા આનંદ થાય છે કે અમારી નવીન ચુંટાયેલી કમિટિએ ટુંકા ગાળાના સમયમાં સારૂં એવું કાર્ય કર્યું છે. જેમાં સોસાયટીને ઓનલાઈન કરેલ, સભાસદોનો વિશ્વાસ જીતતા નવા સભાસદો બનેલ તેમજ રાજીનામું આપેલ સભાસદો ફરીથી જોડાયેલ છે. આ ઉપરાંત તમામ થાપણદારોનો પણ નવિન વ્યવસ્થાપક કમિટિ ઉપર ભરોસો મુકવા અને જંગી થાપણો આપવા માટે તેઓના આભારી છીએ.

<u>સભાસદ સંખ્યા</u> :- વર્ષ દરમિયાન ૪૭ નવા સભાસદો દાખલ કરવામાં આવેલ છે જ્યારે ૧૦૮ સભાસદો છૂટા થયેલ છે, જેમાં અવસાન પામેલા સભ્યો, ઓ.એન.જી.સી. લી માંથી નોકરી પૂર્ણ કરીને છૂટા થયેલા સભ્યો, ટ્રાન્સફર થયેલા સભાસદોનો સમાવેશ થાય છે અને વર્ષ આખરે ૮૦૪ સભાસદો સોસાયટીના દફતરે છે.

<u>શેર ભંડોળ</u> :- વર્ષ દરમિયાન શેરભંડોળમાં રૂા.૩૭,૨૭,૧૦૦/- જમા થયા છે અને રૂા. ૮૩,૭૮,૬૭૦/- સભ્યપદેથી છૂટા છુટા થયેલ સભાસદોને પરત ચૂકવવામાં આવેલ છે એકંદરે શેરભંડોળમાં રૂા. ૪૬,૫૧,૫૭૦/- નો ઘટાડો થયેલ છે જેમાં રૂા. ૧૧,૧૪,૮૫૫/- શેરભંડોળ ઓનલાઈન કરતાં વધારાનું મળેલ છે. જેથી કુલ શેરભંડોળ રૂા. ૫,૧૭,૭૬,૮૮૫/- થાય છે.

<u>સભાસદ અનામત</u> :- વર્ષ દરમિયાન રૂા. ૧૨૦૦/- ની વધારાની કપાત તેમજ તા. ૦૧-૦૪-૨૦૨૧ના રોજ સોસાયટી ઓનલાઈન કર્યા પહેલાની એક્સેસ રીકવરી રૂા. ૫૫૩૦૮/- મળી કુલ રકમ રૂા. ૫૬૫૦૮/- ને સભાસદ અનામત ખાતે લઈ જતાં રૂા. ૧૧૦૦૭૯/- થી વધી કુલ રકમ રૂા. ૧૬૬૫૮૭/- રહેલ છે.

<u>રિઝર્વ ફંડ</u> :- વર્ષ દરમિયાન રિઝર્વ ફંડમાં રૂા. ૧,૪૬,૭૮૩.૦૦ નો વધારો થયેલ છે અને કુલ રિઝર્વ ફંડ રૂા. ૪,૨૫,૮૫,૮૧૨.૮૮/- થાય છે.

<u>થાપણ (ફિક્સ ડિપોઝીટ)</u> :- વર્ષ દરમિયાન થાપણમાં રૂા. ૧,૦૪,૨૬,૯૨૫/- જમા થયા છે. અને રૂા. ૫૧,૫૨,૯૨૫/- મુદત પુરી થવાથી તેમજ મુદત પહેલાં ઉપાડ અને માંગણી આવતા પરત ચુકવવામાં આવેલ છે. વર્ષ આખરે થાપણમાં રૂા. ૫૪,૭૪૦૦૦/- જમા રહેલ છે.

(AHMEDABAD) EMPLOYEES CO-OP. CREDIT SOCIETY LTD. Regd. No. 11984 Estd. Dt. 14-5-1973

<u>લોન ધિરાણ</u> :- સભાસદોને એપ્રિલ ૨૦૨૨ થી માર્ચ ૨૦૨૩ સુધીનાં સમયમાં રૂા. ૯૯,૩૮,૦૦૦/- નું નવું ધિરાણ આપવામાં આવેલ છે અને વર્ષ દરમિયાન રૂા. ૯૯,૦૪,૦૦૦/- ની વસુલાત કરવામાં આવેલ છે વર્ષ આખરે રૂા. ૧૧,૯૦,૨૩,૧૯૩/- ઓનલાઈન કરતાં ખરેખર (રૂા. ૧૨,૦૨,૭૨,૫૭૬/-) લોન ધિરાણની બાકી રહે છે. જેમા ઉચાપતની લોન રકમ રૂા. ૬,૪૧,૮૦,૦૯૩/- વર્ષ ૨૦૧૦-૨૦૧૭ અને રૂા. ૩,૧૬,૩૦,૩૯૩/- વર્ષ ૨૦૧૦ પહેલાનો તફાવત ચોકસીની કલમ (૮૬) દ્વારા કરવામાં આવેલ રીપોર્ટ મુજબ છે. તેમજ સોસાયટી ઓનલાઈન કરતાં રૂા. ૧૨૪૯૩૮૩/- નું વધારાનું લોન ધિરાણ મળેલ છે, જે ઉપર દર્શાવેલ છે. વર્ષ દરમિયાન લોનની વસુલાતમાં સભ્યો તરફથી સારો સહકાર મળેલ છે જેની નોંધ લેવામાં આવે છે અને તે બદલ લોન ધારકોના આભારી છીએ.

<u>નિવૃત્તિ ફંડ</u> :- વર્ષ દરમિયાન સભાસદોના પગારમાંથી ડિસેમ્બર માસમાં રૂા. ૧૦૦/- કપાત કરેલ છે જે વર્ષ આખરે રૂા. ૧,૧૬,૩૦૦/- જમા થયેલ છે. જે વર્ષ દરમિયાન સ્વૈચ્છિક આપેલ રાજીનામું ઓ.એન.જી.સી.લી. માંથી બીજા પ્રોજેક્ટ માં ટ્રાન્સફર થતાં રૂા. ૮૭,૫૦૦/- ચુકવવામાં આવેલ છે, જેથી વર્ષ આખરે રૂા. ૨૮,૮૦૦/- નિવૃત્ત ફંડમાં જમા રહેલ છે.

<u>મરણોત્તર ફંડ</u> :- વર્ષ દરમિયાન મરણોત્તર ફંડમાં રૂા. ૧,૦૯,૭૦૦/- જમા થયા છે અને ૨ અવસાન પામનાર સભ્યોના વારસદારોને રૂા. ૪,૦૦,૦૦૦/- ચૂકવવામાં આવેલ છે અને વર્ષ આખરે રૂા. ૯,૦૬,૭૧૫/- જમા રહેલ છે. વર્ષ દરમિયાન પાછળના પાના ઉપર દર્શાવ્યા મુજબ સભાસદોના અવસાન થયેલા છે તેની વ્યવસ્થાપક કમિટિએ નોંધ લીધી છે. પ્રભુ સ્વર્ગસ્થ આત્માઓને શાંતી આપે તેઓના વાલી વારસોને દુઃખ સહન કરવાની શક્તિ આપે એ જ પ્રભુ પ્રાર્થના....

<u>નોંધ</u> :- ૩૧મી માર્ચ ૨૦૨૩નાં રોજ રૂા. ૯,૦૬,૭૧૫/- જમા છે જેમાં મૃત્યુ પામેલા સભાસદોના વારસદારો સોસાયટીમાં હિસાબ કરવા આવેલ નથી જેમના નામ નીચે મુજબ છે, અને તેવા સભાસદોની લોન વસુલ કરવાની બાકી છે.

૧. સ્વ. શ્રી આર. આર. મહેતા
૨. સ્વ. શ્રી બી. ડી. પાણખણિયા
૩. સ્વ. શ્રી આર. એસ. વાઘેલા
૪. સ્વ. શ્રી જી. જી. ચાવડા
૫. સ્વ. શ્રી કે. ડી. વાઘેલા
૬. સ્વ. શ્રી આર. કે. વાઘેલા
૭. સ્વ. શ્રીમતી વિમલા સકસેના
૮. સ્વ. શ્રી વી. બી. બોદર

# ઓ.એન.જી.સી.(અમદાવાદ) કર્મચારી કો.ઓ. ક્રેડીટ સોસાયટી લિમિટેડ

કોરોના મહામારી અને સોસાયટીમાં મરણોત્તર ફંડને ધ્યાનમાં રાખીને ક્રેડિટ સોસાયટીના સભાસદોના આકસ્મિક તેમજ કુદરતી મૃત્યુના સહાય પેટે રૂા. ૧,૦૦,૦૦૦/- ચુકવવા માટે ગત વર્ષની સામાન્ય સભાની મંજુરીએ એલ.આઈ.સી. દ્વારા વિમો લેવામાં આવેલ હતો. જેનું સંપૂર્ણ પ્રિમિયમ સોસાયટી દ્વારા ચુકવવામાં આવેલ હતું તથા સભાસદો પાસેથી વસુલ કરવાનું બંધ કરવામાં આવેલ હતું. જે આ વર્ષે વિમાની સમય મર્યાદા પૂર્ણ થતાં હવે નવી વિમા પ્રિમિયમ રકમ વધુ હોવાથી દરેક સભાસદ પાસેથી દરેક સભાસદના મૃત્યુ ફંડ પેટે રૂા. ૨૦૦/- (અંકે બસો રૂપિયા પુરા) લેવાનું અને તેમાંથી સભાસદના વારસદારને રૂા. ૧,૦૦,૦૦૦/- ચુકવવાનું તેમજ તેની ચુકવણીમાં જો રકમ ખૂટે તો સોસાયટીમાંથી આપવા અને જો વધે તો મૃત્યુસહાય ફંડ ખાતે જમા કરવી. સામાન્ય સભાની અપેક્ષાએ સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ છે. જે સામાન્ય સભાની મંજુરીથી મૃત્યુ પામેલ સભાસદો માટે વિમા પુરી થયાની તારીખ પછી કપાત કરવામાં આવશે જેને સર્વે સભાસદો નોંધ લેશો અને સહકાર આપવા બદલ સર્વે સભાસદોના આભારી છીએ.

| ક્રમ | સ્વર્ગસ્થ સભ્યનું નામ |
|---|---|
| ૧. | સ્વ. શ્રી સુધીરસિંગ |
| ૨. | સ્વ. શ્રી પી. ઠાકોર |
| ૩. | સ્વ. શ્રી રાજેશકુમાર વણકર |
| ૪. | સ્વ. શ્રી પ્રશાંત ચિંતામણી |
| ૫. | સ્વ. શ્રી મંથન ભાવસાર |
| ૬. | સ્વ. શ્રી અશોકકુમાર સોલંકી |
| ૭. | સ્વ. શ્રી ચંદ્રેશભાઈ પટેલ |
| ૮. | સ્વ. શ્રી અશોકભાઈ મુકટ |
| | |

## ઓ.એન.જી.સી.(અમદાવાદ) કર્મચારી કો.ઓ. ક્રેડીટ સોસાયટી લિમિટેડ

AHMEDABAD) EMPLOYEES CO-OP. CREDIT SOCIETY LTD. Regd. No. 11.. Estd. D... 1973 Sabarmati AHMEDABAD

ચોખ્ખો નફો :- સને ૨૦૨૨-૨૦૨૩નાં વર્ષમાં સોસાયટીએ રૂા. ૭,૯૨,૦૮૮/- ચોખ્ખો નફો કરેલ છે. વર્ષ દરમિયાન રૂા. ૧૮,૧૦,૯૨૦/- એકંદરે આવક થયેલ છે તેમાંથી પગાર ખર્ચ, સ્ટેશનરી અને પ્રિન્ટીંગ ખર્ચ, પ્રોવિડન્ડ ખર્ચ, થાપણ વ્યાજ, એલ.આઈ.સી. વિમા પ્રિમીયમ ખર્ચ તથા અન્ય વહીવટી ખર્ચ રૂા. ૧૦,૧૮,૮૩૨/- બાદ કરતાં આખરે રૂા. ૭,૯૨,૦૮૮/- નો ચોખ્ખો નફો રહે છે. આ નફાની વહેંચણી નીચે મુજબ કરવા માટે વ્યવસ્થાપક કમિટિના સભ્યો ભલામણ કરે છે.

## સને ૨૦૨૨-૨૦૨૩ના વર્ષની ચોખ્ખા નફાની ફાળવણી

| વિગત | રકમ રૂા. પૈસા. |
|---|---|
| રિઝર્વ ફંડ ખાતે લઈ જવા ચોખ્ખા નફાના ૨૫% | ૧,૯૮,૦૨૨.૦૦ |
| શેરભંડોળ ઉપર ૧% ના દરે ડિવિડન્ડ<br>(તા. ૩૧-૦૩-૨૦૨૨ સુધીના શેરભંડોળ ઉપર) | ૫,૬૪,૫૬૨.૫૫ |
| ડિવિડન્ડ ઈક્વીલાઈઝેશન ફંડ રૂા. ૦.૫૭૯% વર્ષ દરમિયાન વસુલ આવેલ શેરભંડોળના | ૨૧,૫૮૨.૫૭ |
| શિક્ષણફાળો ૧% (ચોખ્ખા નફાના) | ૭,૯૨૦.૮૮ |
| ચોખ્ખો નફો | ૭,૯૨,૦૮૮.૦૦ |

# ઓ.એન.જી.સી. (અમદાવાદ) કર્મચારી કો.ઓ. ક્રેડીટ સોસાયટી લિમિટેડ

## તા. ૩૧-૩-૨૦૨૨નાં રોજ પૂરાં થતાં વર્ષનું સરવૈયું

| મૂડી દેવા | ૩૧-૩-૨૦૨૩ | મિલકત - લેણા | ૩૧-૩-૨૦૨૩ |
|---|---|---|---|
| મંજૂર થયેલ શેરભંડોળ | ૧૫૦૦૦૦૦૦૦.૦૦ | | |
| ભરપાઈ થયેલ શેર ભંડોળ | | એ.ડી.સી. બેંક લી. ના શેર | ૯૦૦.૦૦ |
| ઓનલાઈન કરતાં વધેલ | | રણધીરસિંહ બી. જાદવ | ૫૧૦૪૧૪.૦૦ |
| શેરભંડોળ : (૧૧,૧૪,૮૫૫.૦૦) | | લોન ધિરાણ | |
| ખરેખર ભરપાઈ થયેલ | | કલમ ૮૬ ઓડિટ રીપોર્ટ અનુસાર | |
| શેરભંડોળ :(૫,૧૭,૭૬,૮૮૫.૦૦) | ૫,૦૬,૬૨,૦૩૦.૦૦ | ઉચાપત લોન ધિરાણ ૨૦૧૦-૧૭ : (૬૪૧૮૦૦૯૩.૦૦) | |
| રીઝર્વ ફંડ | ૪,૨૫,૮૫,૮૧૨.૮૮ | ઉચાપત લોન ધિરાણ ૨૦૧૦ પહેલાનું : (૩૧૬૩૦૩૯૩.૦૦) | |
| શિક્ષણ ફંડ | ૬,૭૨,૬૦૬.૭૧ | હાલની યાદી મુજબ : (૨૪૪૬૨૦૯૦.૦૦ | |
| ડિવિડન્ડ ઈક્વીલાઈઝેશન ફંડ | ૯૩,૫૩૩.૬૦ | લોન ધિરાણ (૩૧-૦૩-૨૦૨૩) | |
| સહકાર પ્રચાર ફંડ | ૮૧,૩૦૪.૦૦ | સોસાયટી ઓનલાઈન કરતાં મળેલ | |
| ધર્માદા ફંડ | ૭૪,૩૬૪.૦૦ | ખરેખર લોન ધિરાણ : (૧૨૦૨૭૨૫૭૬.૦૦) | |
| શકમંદ લેણા ફંડ | ૨,૭૫૧.૦૦ | બાદ-અગાઉનું ન મળેલ તેવું | |
| ડેપ્રીસિએશન ફંડ | ૪,૬૧૯.૦૦ | વધારાનું લોન ધિરાણ : (૧૨૪૯૩૮૩.૦૦) | |
| સભાસદ વળતર ફંડ | ૭,૭૭,૯૨૩.૦૦ | | ૧૧૯૦૨૩૧૯૩.૦૦ |
| કર્મચારી પી.એફ. ફંડ | ૪,૩૬,૦૩૨.૦૦ | ડેડ સ્ટોક | ૨૬૧૩.૦૦ |
| કર્મચારી ગ્રેજ્યુએટી ફંડ | ૯૯,૬૧૦.૦૦ | ફર્નિચર | ૧૧૦૯૭.૦૦ |
| મૃત્યુ સહાય ફંડ | ૯,૦૬,૭૧૫.૦૦ | ડેસ્ક ટોપ, પ્રિન્ટર, લેપટોપ | ૩૨૪૮૦.૦૦ |
| સભાસદ અનામત | ૧,૬૬,૫૮૭.૦૦ | સોફ્ટવેર એકાઉન્ટ | ૮૦૦૦૦.૦૦ |
| પરચુરણ દેવા અનામત | ૪,૭૧,૧૮૦.૦૦ | **બેંક તથા રોકડ બેલેન્સ** | |
| થાપણ | ૫૪,૭૪,૦૦૦.૦૦ | એ.ડી.સી. બેંક લી. નું ચાલુ ખાતુ | ૪૮૧૫૯૪.૪૧ |
| ઓ.એન.જી.સી. | ૫૦૦.૦૦ | એ.ડી.સી. બેંક લી. નું સ્પે. સેવિંગ્સ ખાતુ | ૫૪૬૩૩૪.૦૦ |
| બેંક રી-કંસીલેશન | ૪૦૦.૦૦ | સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ચાલુ ખાતુ | ૧૧૯૯૦.૫૦ |
| અધર પ્રોવિઝન ફંડ | ૪,૩૭૫.૦૦ | બંધ સિલક | ૧૩૧૪.૪૯ |
| ડિવિડન્ડ પેયેબલ | ૨,૯૭,૦૭૮.૪૯ | | |
| પરચુરણ અનામત | ૩,૩૫૯.૦૦ | | |
| નિવૃત્તિ ફંડ | ૨૮,૮૦૦.૦૦ | | |
| પ્રોફીટ એન્ડ લોસ (૧૭-૨૦) | ૧,૫૯,૯૯,૪૮૫.૭૨ | | |
| પ્રોફીટ એન્ડ લોસ (૨૦-૨૧) | ૧૦,૬૬,૭૭૬.૦૦ | | |
| પ્રોફીટ એન્ડ લોસ (૨૨-૨૩) | ૭,૯૨,૦૮૮.૦૦ | | |
| **કુલ સરવાળો** | **૧૨૦૭૦૧૯૩૦.૪૦** | | **૧૨૦૭૦૧૯૩૦.૪૦** |

નોંધ : કલમ ૮૬ ના જીલ્લા રજીસ્ટ્રારના ઓડીટ રીપોર્ટ મુજબ કુલ ઉચાપત થયેલ રકમ રૂા. ૯,૭૦,૫૯,૮૬૯.૦૦ (રૂપિયા નવ કરોડ સીત્તેર લાખ ઓગણસાઈઠ હજાર આઠસો અગણ્યાસીત્તેર પુરા)

| યોગેન્દ્રસિંહ રાણા | હાર્દિક એચ. પટેલ | બી.આઈ. પઠાણ | મહેન્દ્રસિંહ ચૌહાણ | એ.ડી. રાઠોડ |
|---|---|---|---|---|
| વાઈસ ચેરમેન | સેક્રેટરી | જોઈન્ટ સેક્રેટરી | ટ્રેઝરર | જોઈન્ટ ટ્રેઝરર |

## ઓ.એન.જી.સી. (અમદાવાદ) કર્મચારી કો.ઓ. ક્રેડીટ સોસાયટી લિમિટેડ

### તા. ૩૧-૩-૨૦૨૩નાં રોજ પૂરાં થતાં વર્ષનું ઉપજ-ખર્ચ ખાતું

| આવક | ૩૧-૩-૨૦૨૩ | જાવક | ૩૧-૩-૨૦૨૩ |
|---|---|---|---|
| લોન વ્યાજ આવક | ૧૮૦૯૩૪૩.૦૦ | પ્રોવિડન્ડ ખર્ચ | ૧૮૦૦૦.૦૦ |
| લોન ફોર્મ વેચાણ આવક | ૩૧૫.૦૦ | સેલેરી ખર્ચ | ૩૬૦૦૦૦.૦૦ |
| વહીવટી આવક | ૧૦૮૦.૦૦ | સ્ટેશનરી અને પ્રિન્ટીંગ ખર્ચ | ૪૭૮૮.૦૦ |
| એ.ડી.સી. બેંક શેર ડિવિડન્ડ-આવક | ૧૩૫.૦૦ | પરચુરણ ખર્ચ | ૯૧૦૦.૦૦ |
| | | વાહનભાડા ખર્ચ | ૬૫૦૦.૦૦ |
| નવા સભાસદ એન્ટ્રી ફી આવક | ૪૭.૦૦ | ઝેરોક્ષ ખર્ચ | ૧૨૬૬૪.૦૦ |
| | | ઈનામી ફાળા ખર્ચ | ૧૫૦૦૦.૦૦ |
| | | કમિટિ મિટીંગ ખર્ચ | ૪૦૦૦.૦૦ |
| | | ઘસારા ખર્ચ | ૪૬૧૯.૦૦ |
| | | પોસ્ટેજ ખર્ચ | ૨૨૦.૦૦ |
| | | સભાસદ પ્રોત્સાહન ખર્ચ | ૧૪૮૪૦.૦૦ |
| | | કર્મચારી વેલફેર ખર્ચ | ૯૦૩૪.૦૦ |
| | | ઈન્ટરનેટ ખર્ચ | ૬૦૯૫.૦૦ |
| | | બેંક ચાર્જ | ૧૦૨૩.૦૦ |
| | | વિમા પ્રિમિયમ ખર્ચ | ૪૯૫૦૨૪.૦૦ |
| | | નિવૃત્તિ ફંડ ખર્ચ | |
| | | થાપણ વ્યાજ ખર્ચ | ૫૭૯૨૫.૦૦ |
| | | ચોખ્ખો નફો | ૭૯૨૦૮૮.૦૦ |
| કુલ સરવાળો | ૧૮૧૦૯૨૦.૦૦ | | ૧૮૧૦૯૨૦.૦૦ |

| યોગેન્દ્રસિંહ રાણા | હાર્દિક એચ. પટેલ | બી.આઈ. પઠાણ | મહેન્દ્રસિંહ ચૌહાણ | એ.ડી. રાઠોડ |
|---|---|---|---|---|
| વાઈસ ચેરમેન | સેક્રેટરી | જોઈન્ટ સેક્રેટરી | ટ્રેઝરર | જોઈન્ટ ટ્રેઝરર |

## પેટા નિયમોમાં સુધારા વધારા કરવા બાબતનું પરિશિષ્ટ

| પેટા નિયમ નંબર | સુધારવાપાત્ર પેટાનિયમ | સુધારેલ પેટાનિયમ | સુધારા માટેના કારણો |
|---|---|---|---|
| ૧૬ | માસિક ઉઘરાણામાંથી ખરીદ કરેલા શેર ઉપરાંત કોઈપણ સભાસદને વધુ શેર ખરીદ કરવા વ્યવસ્થાપક કમિટિને વિનંતી કરવાની અને તેને સારૂં એકી વખત રોકડ રકમ આપવાની છૂટ છે. કોઈપણ સભ્ય મંડળીની એકંદરે શેરભંડોળના ૧/૫ અથવા રૂા. ૧,૨૦,૦૦૦.૦૦ બેમાંથી ઓછી રકમ હોય તેટલી રકમના શેરમાં હિત ધરાવી શકશે. | માસિક ઉઘરાણામાંથી ખરીદ કરેલા શેર ઉપરાંત કોઈપણ સભાસદને વધુ શેર ખરીદ કરવા વ્યવસ્થાપક કમિટિને વિનંતી કરવાની અને તેને સારૂં એકી વખત રોકડ રકમ આપવાની છૂટ છે. કોઈપણ સભ્ય મંડળીની એકંદરે શેરભંડોળના ૧/૫ અથવા રૂા. ૧,૬૦,૦૦૦.૦૦ બેમાંથી ઓછી રકમ હોય તેટલી રકમના શેરમાં હિત ધરાવી શકશે. | સભાસદોના હિતમાં અને ઉત્કર્ષ માટે |
| ૪૮ | કરજનું વ્યાજ દર સેકન્ડે દર વર્ષે ૧૦% પ્રમાણે લેવામાં આવશે. દર મહિનાની કોઈપણ તારીખથી લીધેલાં કરજ ઉપર આખા મહિનાનું એ પ્રમાણે વ્યાજ લેવામાં આવશે. સાધારણ સભાને વ્યાજનો દર બદલવાની સત્તા છે. | કરજનું વ્યાજ દર સેકન્ડે દર વર્ષે ૧૨% પ્રમાણે લેવામાં આવશે. દર મહિનાની કોઈપણ તારીખથી લીધેલાં કરજ ઉપર આખા મહિનાનું એ પ્રમાણે વ્યાજ લેવામાં આવશે. સાધારણ સભાને વ્યાજનો દર બદલવાની સત્તા છે. | સભાસદોના હિતમાં અને ઉત્કર્ષ માટે |
| ૫૨<br>(૪) | સભાસદો પાસેથી થાપણો બાંધી મુદત સારૂં લઈ શકાશે, જેનાં નિયમો નીચે પ્રમાણે છે. :-<br>૬ માસ માટે થાપણ ઉપર ૭% પ્રમાણે વ્યાજની ચુકવણી કરવામાં આવશે. સાધારણ સભાને થાપણ વ્યાજનો દર બદલવાની સત્તા છે. | સભાસદો પાસેથી થાપણો બાંધી મુદત સારૂં લઈ શકાશે, જેનાં નિયમો નીચે પ્રમાણે છે. :-<br>૬ માસ માટે થાપણ ઉપર ૭.૫% પ્રમાણે વ્યાજની ચુકવણી કરવામાં આવશે. સાધારણ સભાને થાપણ વ્યાજનો દર બદલવાની સત્તા છે. | સભાસદોના હિતમાં અને ઉત્કર્ષ માટે |

| યોગેન્દ્રસિંહ રાણા | હાર્દિક એચ. પટેલ | બી.આઈ. પઠાણ | મહેન્દ્રસિંહ ચૌહાણ | એ.ડી. રાઠોડ |
|---|---|---|---|---|
| વાઈસ ચેરમેન | સેક્રેટરી | જોઈન્ટ સેક્રેટરી | ટ્રેઝરર | જોઈન્ટ ટ્રેઝરર |